# ૧૧ માં અધિક સીની. સિવિલ જજ તથા અધિક ચીફ જયુ.મેજી. સાહેબની કોર્ટમાં, રાજકોટ

**ફોજદારી કેસ નં. 19545/21**
**આંક–**

ફરીયાદી : **શ્રી સરકાર**

–:: વિરૂઘ્ધ ::–

આરોપી : **હસુકભાઈ કરણભાઈ ઝાપડા**

ગુન્હો : **આઈ.પી.સી. ની કલમ–૨૬૯ અન્વયે**

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ **આઈ.પી.સી.ની કલમ–૨૬૯** મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુન્હા સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુન્હાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરશીશ અલગથી આપેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી જાહેર થયા બાદ થયેલ લોકડાઉનના સમયમાં આરોપીએ સદર વાયરસ ચેપી હોય જેનાથી માનવ જીંદગી જોખમાય તેમ હોવાનું જાણવા છતાં બેફીકરાઈથી, બિનજવાબદાર રીતે કોઈ વ્યાજબી કારણ વગર પોલીસ પેપર્સમાં જણાવ્યા સમયે, સ્થળે બિનજરૂરી બહાર નીકળી આઈ.પી.સી. ની કલમ–૨૬૯ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરવા ખાતરી આપતા હોય, આ કામના આરોપીએ પોતાનાથી અજાણતા, ઈરાદા સિવાય, રોજીરોટીની તલાશમાં આવા પ્રકારનો પ્રથમવાર ગુન્હો થયાનું જણાવેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ હું માનું છું. પરંતુ આરોપીની કબુલાત પુરશીશ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતા તેમજ ન્યાયમુર્તિ ડો. જે.એન. ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમીનલ અપીલ નં. ૪૭૭/૨૦૦૨ વિ.) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતે લક્ષમાં લેતા આ કામનાં આરોપીને હાલના ગુન્હા સબબ ન્યુનતમ સજા નિયત કરેલી ન હોય, દંડની સજા કરવી જોઈએ તેમ હું માનું છું. આરોપી સામેના ગુન્હાને લક્ષમાં લેતા, આરોપી અર્ઘગ્રામ્ય વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારનાં સંજોગો તથા રજુઆતોને લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ અને તેવા સંજોગો ઘ્યાને લઈ યોગ્ય સજાનો હુકમ કરવો ન્યાયિક જણાય છે, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ **આઈ.પી.સી. ની કલમ–૨૬૯** મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી સદર ગુન્હા સબબ **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિવસ–૧૦ ની સાદી કેદની સજા ભોગવવી.

(૩) મુદામાલ (જો હોય તો) અંગે અગાઉ થયેલ હુકમ અપીલ સમય વિત્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૨ તળે બિનશરતી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને આવો કોઈ હુકમ બાકી હોય તો જ તેવા સંજોગોમાં વાહન માલિકને મુદામાલની માલિકીની ખરાઈ કરી બિનશરતી સોંપી આપવાનું રહેશે. બિનકિંમતી મુદામાલ (જો હોય તો) નો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નિકાલ/નાશ કરવાનો રહેશે.

(૪) આરોપીએ રજુ કરેલ અગાઉના જામીન ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે વધુ છ માસના સમય માટે અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક–અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ : ૧૩.૦૫.૨૦૨૩ (**લોક–અદાલત**)

**(વિ.આર.ચૌધરી)**
૧૧ માં અધિક ચીફ જયુ.મેજી., રાજકોટ
(જીજે–૦૦૮૧૫)